## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ઓલા એની આટલી મોંઘી ટ્રેન આપી ગ્યા... આ લોકો એય આપડો છકડો આઈપો હોત તો સારૂ હતું કે નઈ...???

# સુશીલાબેનનું મૃત્યુ મહોત્સવ બન્યું



## જૈન સમાજના મોભી અને ગાંધીનગરના પ્રથમ કલેક્ટર સુર્યકાન્તભાઈ મહેતાનાં ધર્મપત્નિ સુશીલાબેનનું અવસાન થતાં વાજતે-ગાજતે તેઓની અંતિમયાત્રા નીકળી : ચારેય દીકરીઓએ અગ્નિસંસ્કાર કર્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના પ્રથમ કલેક્ટર અનો જૈન સમાજના મોભી સુર્યકાન્તભાઈ મહેતાના ધર્મપત્નિ શ્રીમતી સુશીલાબેનનુ મૃત્યુ મહોત્સવ બની ગયુ હતુ. તેમની અંતિમયાત્રા નગરના માર્ગો પર વાજતે ગાજતે ગુલાલ ઉડાડીને નીકળી હતી. તેમની ચારેય દિકરીઓએ ભેગા થઈ તેમના અંતિમ સંસ્કાર કર્યા હતા.

અંતિમયાત્રા એટલે સફેદ વસ્ત્રો પહેરીને મૃત્યુ પામનાર સ્વજનને શોકમય વાતાવરણમાં અંતિમધામ સુધી પહોંચાડતા સગાસંબંધીઓનો સંઘ. મોટાભાગે આ જ રીતે અંતિમયાત્રા યોજાતી હોય છે પરંતુ ગાંધીનગરમાં આજે એક અનોખી અંતિમયાત્રા યોજાઈ હતી. જે વાજતે ગાજતે અબીલ-ગુલાલ ઉડાડતા નીકળી હતી. ગાંધીનગરના પ્રથમ કલેક્ટર અને જૈન સમાજના મોભી અને અગ્રણી સુર્યકાન્તભાઈ મહેતાના પત્નિ સુશીલાબેનનુ અવસાન થતાં તેઓની અંતિમયાત્રા કોઈ મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય તેવા માહોલમાં નીકળી હતી. ખુબ જ ધાર્મિક વૃત્તિ ધરાવતા અને જૈન સમાજના ધાર્મિક કાર્યક્રમોમાં હંમેશા અગ્રસ્થાને રહી ઉદાર હાથે ફાળો આપનાર શ્રીમતી સુશીલાબેનનુ ૮૩ વર્ષની વયે અવસાન થતાં તેમના મૃત્યુને ઉત્સવમાં પલ્ટાવવાનો નિર્ધાર તેઓના પરિવારજનોએ વ્યક્ત કર્યો હતો. તે અનુસાર તેઓની અંતિમયાત્રા વાજતે ગાજતે નીકળી હતી. અંતિમયાત્રામાં જોડાનાર વ્યક્તિઓએ ગુલાલના રંગે રંગવામાં આવ્યા હતા. સમગ્ર યાત્રા દરમ્યાન ગુલાલની છોળો ઉડાડવામાં આવી હતી. સુર્યકાન્તભાઈ અને સુશીલાબેનના દિકરીઓ સ્મીતાબેન, આરતીબેન, બીનાબેન અને દક્ષાબેને અગ્નિસંસ્કાર કર્યા હતા. તેમની અંતિમયાત્રામાં ગાંધીનગરના કલેક્ટર સતીષ પટેલ, જૈન સમાજના અગ્રણીઓ અને શહેરના વિવિધ વર્ગના અગ્રણીઓ-આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# સચિવાલય બહાર પાટણના આધેડનો આત્મવિલોપનનો પ્રયાસ

## પોલીસે દવાની બોટલ સાથે ગેટ નં.૧ની બહારથી ઝડપ્યા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં સચિવાલય ગેટ નં. ૧ પાસે આવીને આત્મ વિલોપનનો પ્રયાસ કરનાર પાટણના આધેડને પોલીસે ગેટ પાસેથી જ દવા પીતા અટકાવી પકડી લીધા હતા. સેકટર-૭ પોલિસે તેમને ડીટેઈન કરી તેમની સમસ્યા જાણવાનો પ્રયત્ન કરતા ઘરેલું પ્રશ્ન હોવાનું પ્રાથમિક તબક્કે ધ્યાન આવ્યું હતું.

પાટણ ખાતે રહેતા આધેડ અશોકભાઈ દશરથભાઈ રાવલ સામે ફોજદારી ગુના દાખલ થયેલા છે તે ઉપરાંત તેમના મકાનમાં તેમની બહેન હિસ્સો માંગી કોર્ટમાં સિવિલ મેટર ફાઈલ કરેલી છે. કંટાળીને અશોકભાઈ રાવલ ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને સચિવાલય ગેટ નં. ૧ બહાર ઉભા રહીને ઝેરી દવા ગટગટાવી લેવા પ્રયત્ન કર્યા હતા. દવા પી લઈ આત્મવિલોપન કરવા માટે જેવી ઝેરી દવાની બોટલ તેમણે કાઢી કે તરત પોલિસનું ધ્યાન પડતા અશોકભાઈને અટકાવી દઈ દવાની બોટલ આંચકી લઈ તેમને પોલિસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પોલિસે અશોકભાઈની સમસ્યાઓ શાંતિથી બેસીને સમજયા બાદ સાંત્વના આપીને આત્મવિલોપન કરવાના વિચારને મગજમાંથી કઢાવ્યો હતો.

# ગરીબ કલ્યાણ મેળાના સ્થળમાં ફેરફાર કરાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો હવે ૨૦મીએ કલોલના બદલે કોબા પ્રેક્ષાભારતી ખાતે યોજાશે. સ્થળ ફેરફારની આ જાહેરાત આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મળેલી સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટરે કરી હતી. કલેક્ટર સતીષ પટેલે આ અંગેની પૂર્વ તૈયારીઓ ઝડપથી પૂર્ણ કરવા માટેની સૂચનાઓ આપી હતી.

ચોમાસાના દિવસો ચાલી રહ્યા હોવાથી આ સ્થળમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળેલ છે. આ મેળામાં લાભાર્થીઓને સ્વરોજગાર માટેની કીટો સહિત વિવિધ સહાયોનું વિતરણ કરવામાં આવનાર છે.

# ચિલોડાના સેવાસેતુને કારણે રાજકીય વિવાદ

## કાર્યક્રમ એક રિસોર્ટમાં આયોજન કરાતાં કોંગ્રેસના આગેવાનોએ આ અંગે વિરોધનો સૂર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૬

આજે ચિલોડા ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ એક રિસોર્ટમાં આયોજન કરાતાં કોંગ્રેસના આગેવાનોએ આ અંગે વિરોધનો સૂર વ્યક્ત કર્યો છે. ૧૦ ગામના આ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન ગામના જાહેર સ્થળ પર કરવુ જોઈએ અને પંચાયતની જગ્યામાં કરવુ જોઈએ તેવી વાત રજુ કરતાં કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું છે કે એક ખાનગી રિસોર્ટમાં આનુ આયોજન કરવા પાછળનો હેતુ શું હતો ?

ગ્રામીણ પ્રજાને ભોળવવાનો પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ પણ આ આગેવાનો કરી રહ્યા છે.

# નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યા આખરે ભરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ)ની ખાલી પડેલી જગ્યા સરકાર દ્વારા ભરી દેવામાં આવી છે. હાલ આ જગ્યાનો હવાલો નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) અજય પટેલ પાસે છે.

રાજ્ય સરકારે કરેલા હુકમ મુજબ સુરેન્દ્રનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા સુશ્રી એમ.એચ. પટેલને આ ખાલી જગ્યા પર નિમણુંક આપવામાં આવી છે. આગામી સપ્તાહમાં તેઓ તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યું છે.

# વરસાદના પગલે નવરાત્રિના આયોજકો-ખેલૈયાઓ ચિંતાગ્રસ્ત

## ગરબા ગ્રાઉન્ડ પર પાણીના ખાબોચિયા : સ્પોન્સર્સ પણ સ્થિતિ જોઈ મગનું નામ મરી પાડતા નથી : મોંઘા ડ્રેસીંગ ખરીદવા કે ભાડે લેવા અંગે ખેલૈયાઓ અવઢવમાં

ગાંધીનગર, તા.૧૬

એક તરફ નવલી નવરાત્રિને આડે માત્ર આંગળીના વેઢે ગણાય તેટલા દિવસો બાકી રહ્યા છે અને બીજી તરફ આકાશમાંથી વરસાદ વારંવાર વરસીને જાણે અટકચાળો કરી જાય છે. જેના પગલે શહેરમાં નવરાત્રિના આયોજકો ચિંતામાં મુકાયા છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદ નવરાત્રિની મજા બગાડશે તેવી ભીતિ સેવાઈ રહી છે.



છેલ્લા બે એક વર્ષથી વરસાદ જાણે નવરાત્રિનો વેરી બન્યો હોય તેમ શહેરના યુવા હૈયાઓના અરમાનો પર પાણી ફેરવવા ખરે ટાણે આવી પહોંચે છે. આ વર્ષે અતિવૃષ્ટિ સહિત વરસાદી કહેર જારી રહેતા નવરાત્રિના આયોજકો ચિંતામાં મુકાયા છે. શહેરમાં ચૌરેને ચૌટે તથા સોસાયટીઓ, વસાહતોમાં કરાતા સાર્વજનિક નવરાત્રિ ઉજવણીના કાર્યક્રમો સાથે ખાનગી સંસ્થાકીય પાર્ટી પ્લોટના આયોજકો પણ સતત વરસાદ અને આકાશમાં વાદળોની હાજરીથી અવઢવમાં મુકાયા છે. વરસાદને પગલે નવરાત્રિ બગડવાની ભીતિથી આયોજકોને સ્પોન્સર્સ મળવામાં પણ મુશ્કેલી પડી રહી છે જયારે બીજી તરફ ગરબા ગ્રાઉન્ડ પર સતત પાણીના ભરાવાને કારણે તેને ઉલેચવાની, સુકવવાની અને ફરીથી લેવલીંગ કરવાની મહેનત સાથે ખર્ચ પણ વધી રહ્યો છે. આ સાથે ભેજવાળા વાતાવરણને પગલે ઈલેકટ્રીકલ વ્યવસ્થામાં પણ સુરક્ષા સહિતના પ્રશ્નો વધુ વિકટ બન્યા છે. સતત વરસાદી માહોલને પગલે નવરાત્રિ થશે કે કેમ તે અંગ આયોજકોમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

બીજી તરફ ખેલૈયાઓ પણ વરસાદના પગલે મોંઘા ચણિયાચોળી-કેડિયા કે અન્ય વસ્ત્ર પરિધાન ખરીદવા તથા ભાડે લેવામાં ખચકાટ અનુભવી રહ્યા છે. રખેને ખરે સમયે વરસાદ વરસે તો ખર્ચેલા નાણાં પાણીમાં જાય તેવી ચિંતા આ ખેલૈયાઓને સતાવી રહી છે. આ વર્ષે નવરાત્રિ પર મંડરાઈ રહેલું વરસાદી ગ્રહણ ઝડપથી હટે તેવું આયોજકો તથા ખેલૈયાઓ પ્રાર્થી રહ્યા છે.

# "ઈફસમન"ના મહામંત્રી પદે નગરના લક્ષ્મણભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા

ગાંધીનગર, તા. ૧૬

મધ્યમ તેમજ નાના અખબારોના અધિકારો માટે સતત સક્રિય અને કાર્યરત નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રની સૌથી અખબારી સંસ્થા "ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યુઝ પેપર્સ, નવી દિલ્હી"ની ચૂંટણી તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજવામાં આવી હતી. તેમાં રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ઓરીસ્સા એક્સપ્રેસના તંત્રી શ્રી એ. પી. દાસ (ઓરીસ્સા) અને ભારત ટાઈમ્સના તંત્રી શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગુજરાત)ને ચૂંટવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે મિડીયા જગતને લગતા અનેક પ્રશ્નોને સરકાર સમક્ષ વાચા આપવા માટે આ આ સંસ્થા સતત કાર્યરત રહી છે. નવા વરાયેલા પ્રમુખ શ્રી એ.પી દાસ દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવેલ તેમજ મહામંત્રી શ્રી લક્ષ્મણભાઈ પટેલે પણ અભિનંદન આપતા પોતાને સોંપવામાં આવેલ ભૂમિકા નિભાવવામાં પાછા નહીં પડે અને મિડીયાને લગતા તમામ પ્રશ્નો પરત્વે હરહંમેશ તેઓ મદદ માટે તૈયાર રહેશે તેમ જણાવીને સંસ્થાનો વ્યાપ માત્ર ભારતમાં જ નહીં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વિકસે તેવા પ્રયાસો કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

# નરેન્દ્ર મોદીની સલામતી માટે ૨૫૦૦થી વધુ જવાનો તૈનાત

અમદાવાદ, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે તેમના જન્મદિવસે વિશ્વના બીજા સૌથી મોટા બંધ સરદાર સરોવર બંધના લોકાર્પણ માટે પહોંચી રહ્યા છે ત્યારે તમામ આસપાસના વિસ્તાર અને તેમના કાફલાના માર્ગ પર મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ઐતિહાસિક મુલાકાતને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. મોદીની સુરક્ષા માટે ૨૫૦૦થી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. વીવીઆઈપી વિસ્તારોને જુદા જુદા ઝોનમાં વિભાજિત કરીને સુરક્ષા વ્યવસ્થાની ખાતરી કરવામાં આવી રહી છે.અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કેટલાક રાજ્યોના મુખ્યપ્રધાન પણ પહોંચી રહ્યા હોવાનાહેવાલ મળી રહ્યા છે. સુરક્ષાના ભાગરૂપે પોલીસ જવાનો, અધિકારીઓ રાખવામાં આવ્યા છે.

ડીજી, જીઆઈજી, એસપી, ડીવાયએસપી સહિતના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવી છે. ચેતક કમાન્ડો, ક્વિક રિસ્પોન્સ ટીમ, બોંબ સ્કોડ, અન્ય સુરક્ષા જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

મોદી કાફલો જે વિસ્તારમાંથી પસાર થનાર છે તે તમામ વિસ્તાર તરફ દોરી જતાં માર્ગો ઉપર વિશેષ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. આ રસ્તાઓને થોડાક સમય માટે બંધ પણ રાખવામાં આવશે. તમામ તૈયારી પહેલાથી કરવામાં આવી ચુકી છે.

# મોદીના સ્વાગતની તૈયારી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ફરી એકવાર તેમના વતન રાજ્ય ગુજરાત પહોંચી રહ્યા છે
- પોતાના જન્મદિવસે જ મોદી નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે પહોંચનાર છે. જ્યાં તેઓ તેની આધારશીલા મુકવામાં આવ્યાના આશરે છ દશક બાદ વિશ્વના બીજા સૌથી મોટા બંધ સરદાર સંરોબર બંધનુ લોકાર્પણ કરનાર છે.
- નર્મદા યોજનાનુ કામ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા નર્મદા મહોત્સવ કાર્યક્રમમાં પણ તેઓ ભાગ લેનાર છે.
- મોદી ડભોઈ ખાતે એક જાહેર સભાને પણ સંબોધનાર છે. જેથી તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી
- ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે થોડાક મહિના બાકી રહ્યા છે ત્યારે ગુજરાત ભાજપ બંધ પ્રોજેક્ટને મોટા મુદ્દા તરીકે ચમકાવવા માટે તૈયાર છે.
- પ્રોજેક્ટ માટે આધારશીલા વર્ષ ૧૯૬૧માં મુકવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૮૭માં નિર્માણ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ.
- ગુજરાતમાં આશરે ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈના લાભ મળનાર છે. નર્મદા પાણી કેનાલ નેટવર્ક મારફતે ગુજરાતના ૯૦૦૦ ગામોમાં પહોંચનાર છે.
- ૧૯૬૧માં ખાતમુહુર્ત થયાનાં ૫૬ વર્ષ બાદ ૨ લોકાર્પણ થશે.
- નર્મદા બંધના દરવાજા બંધ કરવાની ઐતિહાસિક ઘડી આવી છે. તેમ તેજ દિવસે અડધો મીટર દરવાજાઓ ખોલી નર્મદા મૈયાને પણ વહેતી કરશે.
- નર્મદા ડેમ તથા આજુબાજુના વિસ્તારને અભેદ કિલ્લામાં ફેરવી દેવાયો છે.
- ૨૫૦૦થી વધારે જવાનોનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.
- કાર્યક્રમમાં મુખ્યમંત્રીઓ તેમજ અન્ય એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે
- નર્મદા મહોત્સવ માટે કેવડિયા નર્મદા ડેમને એલઈડી લાઈટોથી શણગારવામાં આવી છે

# ખેતલાઆપા ટી સ્ટોલ્સની તમામ શાખાઓ પર દરોડા

અમદાવાદ, તા.૧૬

રાજકોટના જાણીતા ખેતલાઆપા ટી સ્ટોલના અમદાવાદમાં આવેલી તમામ શાખાઓ પર આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી. આરોગ્ય તંત્રની ફલાઈંગ સ્કવોડ દ્વારા ખેતલાઆપાના તમામ ટી સ્ટોલ પર દરોડાને પગલે અન્ય ટી સ્ટોલ અને ખાદ્યચીજવસ્તુના સ્ટોલ્સ-વાળાઓમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. તાજેતરમાં જ આરોગ્ય વિભાગની ટીમોએ વડોદરા અને રાજકોટમાં પણ ખેતલાઆપા ટી સ્ટોલની વિવિધ શાખાઓ પર દરોડા પાડયા હતા અને જેમાં ખેતલાઆપા ટી સ્ટોલના નમૂના ફેલ આવ્યા હતા. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં રગડા ચા તરીકે જાણીતા થયેલા ખેતલાઆપા ટી સ્ટોલ તેની ચામાં ઉમેરવામાં આવતાં તત્વોને લઈ આરોગ્યવિભાગે શંકા વ્યક્ત કરી હતી.

**ટચુકડી જાહેરાત**

**પોલીસ મહાનિદેશકશ્રી, ઈન્ટેલીજન્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

ટેલી નં. ૦૭૯-૨૩૨૫૪૩૦૪

અત્રેની કચેરીના હસ્તકના સલામતિ વિભાગમાં ફરજ બજાવતા જવાનોના ઉપયોગ સારૂ પગના મોજા અંદાજીત કિંમત રૂ. ૯૩,૨૦૦/-ની મર્યાદામાં ખરીદવાના હોય રસ ધરાવતી પેઢી / કંપનીએ અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાંથી કોરા ટેન્ડર ફોર્મની ફી રૂ. ૧,૫૦૦/- રોકડા ભરી તા. ૧૮/૯/૨૦૧૭ થી તા. ૯/૧૦/૨૦૧૭ સુધી કચેરીના ચાલુ કામકાજના દિવસોમાં મળી શકશે.

(રાજીવ રંજન ભગત)
પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટે.૧)
ઈન્ટેલીજન્સ, ગુ.રા. ગાંધીનગર

માહિતી/૧૬૯૧/૧૭-૧૮

# જેસીઆઈ દ્વારા ધોળાકુવા ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

## આલમપુર ગામે સ્વાઈન ફલુ અંગે જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

જેસીઆઈ ગાંધીનગર ટીમ દ્વારા તાજેતરમાં વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન ધોળાકુવા ગામે કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં ૧૧ વિવિધ નિષ્ણાંત ડોકટરની ટીમે ધોળાકુવા ગામના ૪૬૦ થી વધુ દર્દીઓની ચકાસણી કરીને જરુરી માર્ગદર્શન અને દવાઓ આપવામાં આવી હતી. આ નિદાન કેમ્પનું ઉદઘાટન ધારાસભ્ય અશોકભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર શહેર ભાજપ મહામંત્રી પંકજજી ઠાકોર, ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડો.અરૂણ વ્યાસ, ઝોન-૭ના ડાયરેકટર નીપેશ સોની, પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.આ કેમ્પમાં રાજસ્થાન હોસ્પિટલના ડો. હિતેષ શાહ, તેમજ ગાંધીનગરના નામાંકિત ડો.બિમલ મોદી, ડો. વિરલ લુહાર, ડો, સેશીલ પરમાર, ડો. વિપુલ ચૌહાણ, ડો. ભાવિશા પંચાલ, તથા તેજલ દલાલની ટીમે સેવાઓ પુરી પાડી હતી. દર્દીઓને મફત દવા તેમજ પ્રાથમિક સારવાર કીટ આપવામાં આવી હતી.

જયારે આલમપુર ગામમાં ડો. મલ્લીકા ચાવડા તથા ડો.ચિરંજીવ વાઘેલા દ્વારા સ્વાઈન ફલુ અવેરનેસનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં સ્વાઈન ફલુને અટકાવવા માટે તેમજ સ્વાઈન ફલુ થયેલ હોય તો તેની સારવાર વિશે માહિતી પુરી પાડવામાં આવી હતી. જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધી દ્વારા સર્વે ડોકટર્સ, ગ્રામજનો તેમજ વિહાજી ઠાકોર, ટીનાજી, કુસુમબેન ગાંધી, પ્રતિક પટેલ, અવની ગાંધી, ચેતના થાનકી, કાજલ વૈષ્ણવ, જીત કપ્પુપરા, ડો.રોનક રાવલ, હર્ષ, સંકેત ગોર, વિપુલ બારોટ, વગેરે સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**જાહેર ખબર**

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન**

બ્લોક નં.૧૦, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર દ્વારા અનુચૂતિ જાતિના તેજસ્વી કારકીર્દિ ધરાવતા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે મોકલવાના થતા હોવાથી આ અન્વયે અંગ્રેજી ભાષાની તૈયારી, વિદેશની યુનિવર્સિટીમાં એડમીશન પ્રક્રિયા તેમજ વિઝા પ્રક્રિયા જેવી તમામ કામગીરી કરી શકે તેવી એજન્સી / સંસ્થાઓ પાસેથી તમામ વિગતો સહિતની દરખાસ્ત જાહેરાત પ્રસિદ્ધિના દિન-૧૦માં ઉપરના સરનામે મોકલવા આમંત્રિત કરવામાં આવે છે. શરતો સાથેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી રૂ. ૫૦૦/- ભર્યેથી આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| **રમેશ કે. સોલંકી** | **જીતેન્દ્ર વાઘેલા** | **ડી.એસ. ગઢવી I.A.S.** |
| અધ્યક્ષ | ઉપાધ્યક્ષ | મનેજીંગ ડીરેક્ટર |
| ગુજ. અનુ.જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર | ગુજ. અનુ.જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર | ગુજ. અનુ.જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર |